જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૪/૨૦૨૧ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૬૬૮/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૩૫૯ | ૨ | ૧૧૩૬૧ | ૧૭૪૭૯ | ૨ | ૧૭૪૮૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૫ | ૦ | ૪૭૦૫ | ૬૨૨૮ | ૦ | ૬૨૨૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૭૬ | ૦ | ૭૬ | ૨૮૭ | ૦ | ૨૮૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૩૩૫૭૨ | ૩૩૨ | ૩૩૯૦૪ | ૩૪૯૩૫ | ૩૧૫ | ૩૫૨૫૦ |
| | કુલ | ૪૯૭૧૨ | ૩૩૪ | ૫૦૦૪૬ | ૫૮૯૨૯ | ૩૧૭ | ૫૯૨૪૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૭ | ૮,૪૦,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૦૨ | ૧૫,૦૨,૦૦૦/- |

# <u>પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>પીસીબી</u>

**<u>"ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમા મકાનમા સંતાડેલ વિદેશી દારુની બોટલો નંગ ૩૭ કિંમત રૂ.૨૬,૭૮૫/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૨૯,૭૮૫/- મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી."</u>**

પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૨.૦૪.૨૦૨૧ ના રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો શૈલેષભાઈ દેવાભાઈ, અહેકો મનોજકુમાર વિઠ્ઠલભાઈ તથા અહેકો કૃષ્ણરાજસિહ હનુભા વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામાભાઈ  નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે ઘાટલોડીયા વિસ્તારમા આવેલ રહેણાક મકાન નંબર એમ/૫૯/૬૯૯ અંબિકા એપાર્ટમેન્ટ, ૧૩૨ ફુટ રિંગરોડ ટેલીફોન એક્ષચેંજની સામે ઘાટલોડીયા અમદાવાદ શહેર ખાતે રેઈડ કરી વિદેશી દારૂની સીલબંધ બોટલો નંગ ૩૭ કિંમત રૂ.૨૬,૭૮૫/-તથા અન્ય મુદામાલ મળી કુલ કિંમત રૂ.૨૯,૭૮૫/-ની મત્તાના મુદામાલ સાથે આરોપી દિપક રુપજી કલાલ રહે. એમ/૫૯/૬૯૯ અંબિકા એપાર્ટમેન્ટ, ૧૩૨ ફુટ રિંગ રોડ ટેલીફોન એક્ષચેંજ ની સામે ઘાટલોડીયા અમદાવાદ શહેર નાને પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ઘાટલોડીયા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૪૨૧૦૨૧૦/૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

<u>પક્ડાયેલ આરોપી :</u> દિપક રુપજી કલાલ રહે. એમ/૫૯/૬૯૯ અંબિકા એપાર્ટમેન્ટ, ૧૩૨ ફુટ રિંગ રોડ ટેલીફોન એક્ષચેંજ ની સામે ઘાટલોડીયા અમદાવાદ શહેર કાયમી સરનામુ: ડી/૨૦૧ ક્રિષ્ણા હાઈટસ  જગતપુર રોડ ચાંદખેડા અમદાવાદ શહેર

<u>ગુનાની જગ્યા :</u>

પકડાયેલ આરોપીના કબ્જા ભોગવટાવાળા રહેણાક મકાન એમ/૫૯/૬૯૯ અંબિકા એપાર્ટમેન્ટ, ૧૩૨ ફુટ રિંગ રોડ ટેલીફોન એક્ષચેંજ ની સામે ઘાટલોડીયા અમદાવાદ શહેર ખાતે

<u>પકડાયેલ મુદામાલ :</u> (૧) વિદેશી દારૂની સીલબંધ બોટલો નંગ ૩૬ કિંમત રૂ.૨૬,૭૮૫/- (૨) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રૂ.3000/ મળી કુલ્લે ૨૯,૭૮૫/- ની મત્તાનો મુદામાલ



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૯/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૪૪ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૬૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૫૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૭૦/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૬૭૧/૨૦૨૧

**સોલા હાઈકોર્ટઃ** અનિલકુમાર ભેરૂમલ અનંદાણી (રહે. સંસ્કાર ટાવર કેમ્બે હોટલ સામે થલતેજ) એ તા.૧૨/૦૪/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૩/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૧૯/૦૩/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન ચેહરનગરના નાકા પર દુકાન નં-૨ સેકટર-૩ સામે ચાણક્યપૂરી કારગીલ રોડ જય અંબે મોબાઇલ શોપ નામની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મોબાઇલ ફોન બેટરી, ચાર્જર અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૬,૨૧૭/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**ઇસનપુરઃ** દિનેશભાઇ શંકરભાઇ કબીરા (રહે. મીરા સ્લર્મ કવાર્ટસ મીરા સિનેમા સામે ઇસનપુર) એ તા.૧૨/૦૪/૨૦૨૧ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૪/૨૦૨૧ બપોરના ૩/૧૫ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની લોખંડની જાળીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૬૭,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૫૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

## વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૬૭૨/૨૦૨૧

**નારોલઃ** રાજેશભા બાબુભાઇ આયર (રહે. ઠાકોરવાસ વાઘજીભાની ચાલી શાહવાડી ગામ નારોલ) એ તા.૧૧/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ વાગે રહેણાંક સામે અંબીકા કંપનીની દીવાલ પાસે પોતાની બોલેરો પીક-અપ ગાડી નંબર જીજે ૦૧ બીવાય ૬૨૫૨ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૨/૦૪/૨૦૨૧ કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રાજેશભા આયરે નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૭૩/૨૦૨૧**

**નારોલઃ** નારોલ ગ્યાસપુર પીરાણા રોડ પી.એસ.પી.પ્રોજેક્ટ લીમીટેડ કંપની કોલોની ખાતે રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા બ્રજમોહન ચનુ શાહ (ઉ.વ.૩૧) તા.૦૯/૦૪/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પી.એસ.પી.કંપનીના ચાલુ કન્ટ્રકશનની સાઇડ પર બીજા માળનુ ધાબુ ભરવા માટે ઠેકા બેસાડી પ્લેટો ગોઠવેલ હતી તેની ઉપર સળીયા બાંધી ફીટીંગ કરતા હતા ત્યારે ધાબાના વચ્ચેના ભાગેથી પ્લેટ ખસી જતા બ્રજમોહન પ્રથમ માળના ધાબા પર પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે હોપ ન્યુરોકેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૪/૨૦૨૧ રાતના ૯/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ ભગવતસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૭૪/૨૦૨૧**

**ઓઢવઃ** દિનેશસિંહ રામજીવણસિંહ રાઠોડ (ઉ.વ.૫૩) (રહે. નિશીથપાર્ક આદીનાથનગર ઓઢવ) એ બિમારીથી કંટાળી તા.૧૨/૦૪/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતિલાલ જીવાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી